શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧૦ ૧૧

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર - શ્રી વિપાક સૂત્ર

આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

- ડૉ. સાધ્વી આરતી
- સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

**પણ્હવાગરણ** – પ્રશ્નવ્યાકરણ સૂત્ર દશમું અંગસૂત્ર છે. તેમાં બે શ્રુતસ્કંધ (વિભાગ) છે. પ્રથમ શ્રુતસ્કંધના પાંચ અધ્યયન (પ્રકરણ)માં અવિરતિ રૂપ **૧.** હિંસા, **૨.** અસત્ય, **૩.** અદત્તાદાન, **૪.** અબ્રહ્મચર્ય અને ૫. પરિગ્રહ રૂપ પાંચ પ્રકારના આશ્રવસ્વરૂપનું વર્ણન છે. શાસ્ત્રકારે તેને અધર્મના દ્વાર કહ્યા છે. બીજા શ્રુતસ્કંધના પાંચ અધ્યયનમાં વિરતિ રૂપ **૧.** અહિંસા, **૨.** સત્ય, **૩.** દત્તાનુજ્ઞાત (અચૌર્ય) **૪.** બ્રહ્મચર્ય અને **૫.** અપરિગ્રહ રૂપ પાંચ પ્રકારના સંવરના સ્વરૂપનું વર્ણન છે. શાસ્ત્રકારે તેને ધર્મના દ્વાર કહ્યા છે. **આશ્રવ**– જેના દ્વારા આત્મામાં કર્મ પરમાણુ પ્રવેશે, તેને આશ્રવ કહે છે. બંધની પૂર્વ અવસ્થા આશ્રવ છે. કર્મબંધના કારણો આશ્રવ કહેવાય છે. **સંવર**– જેના દ્વારા આવતા કર્મો અટકી જાય, કર્મો રોકાય જાય, આશ્રવનો નિરોધ થાય, તે સંવર છે. નૌકામાં છિદ્ર પડે અને તેના દ્વારા પાણી નાવમાં આવે, તેની સમાન આશ્રવ અને છિદ્રને પૂરી દઈને અંદર આવતા પાણીને રોકી દેવું, તેની સમાન સંવર છે.

# પ્રથમ શ્રુતસ્કંધ – આશ્રવ દ્વાર

## પ્રથમ અધ્યયન : હિંસા

પ્રથમ અધ્યયનનું નામ 'હિંસા' છે. કોઈ પણ પ્રાણીને ત્રાસ, પીડા, દુઃખ પહોંચાડવું, તેના પ્રાણોનો નાશ કરવો, તે હિંસા કહેવાય છે, તે દ્રવ્યહિંસા છે. આત્માના ક્રોધાદિ, વૈભાવિક ભાવો, જે આત્મગુણોની ઘાત કરે છે, તે ભાવહિંસા છે. શાસ્ત્રકારે હિંસાના સ્વરૂપને સમજાવવા વિવિધ પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ કર્યો છે. હિંસાના ૩૦ નામ છે.

**ત્રસ પ્રાણીઓની હિંસા–** પ્રાણીઓ પોતાના સ્વાર્થના કારણે તથા વિવિધ હેતુઓથી અન્ય પ્રાણીઓની હિંસા કરે છે. ચામડાં, માંસ, લોહી, નખ, દાંત, શીંગડા આદિ માટે પંચેંદ્રિય જીવોની, મધ માટે મધમાખીની, શરીરની સુવિધા માટે માંકડ, મચ્છર, ઉંદર, ઉધઈ, ધનેડા, કૂતરા, સર્પ, વીંછી વગેરે પ્રાણીઓનો વિનાશ કરે છે. રેશમી વસ્ત્ર માટે કીડા વગેરે ત્રસ જીવોની ઘાત કરે છે.

**સ્થાવર જીવોની હિંસા–** કૂવા, વાવડી, તળાવ બનાવવા, મકાન નિર્માણ કરવા તથા ખનિજ પદાર્થોનું ઉત્પાદન કરવા, વગેરે પ્રવૃત્તિમાં પૃથ્વીકાય જીવોની; સફાઈની પ્રવૃત્તિમાં, નાવ

ચલાવવામાં, તળાવ–નદી, સમુદ્રમાં તરવાદિ કાર્યમાં અપ્કાય જીવોની; ઠંડીમાં તાપણું કરવામાં, ભોજન આદિ બનાવવામાં, દીપકાદિ જલાવવામાં અગ્નિકાય જીવોની; હવા નાંખવી, પંખા ચલાવવા, હીંચકા ખાવા, વાહનોના ઉપયોગ કરવો, તેમાં વાયુકાય જીવોની હિંસા થાય છે. મકાન, શસ્ત્રાદિ, ઔષધાદિ તથા ભોજનાદિ બનાવવામાં વનસ્પતિ જીવોની હિંસા થાય છે. પારધી, શિકારી, માછીમાર, અનાર્ય, હિંસક જીવો વિવિધ પ્રકારે પ્રાણીઓની હિંસા કરે છે. આ રીતે સંસારના પ્રાણીઓ પોતાની વિવિધ આવશ્યતાઓની પૂર્તિ માટે તથા વિષયોની પૂર્તિ માટે છકાય જીવોની હિંસા કરે છે.

**હિંસાનું પરિણામ–** હિંસક વ્યકિત હિંસાના ભાવ સાથે મૃત્યુ પામે, તો તેની દુર્ગતિ થાય છે. તે હિંસક પ્રાણી પાપકર્મનો બંધ કરી, તે કર્મના ફળ ભોગવવા નરકગતિમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને દીર્ઘકાળ પર્યંત પરાધીનપણે ક્ષેત્રવેદનાને, પરમાધામી દેવ દ્વારા અપાતા વિવિધ પ્રકારના ત્રાસને અને દુઃખને તથા પરસ્પરના વેરના કારણે અપાતા દુઃખને ભોગવવા પડે છે. પશુ–પક્ષી વગેરે તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થઈ ભૂખ, તાપ, ટાઢના દુઃખો તથા મનુષ્યાદિ દ્વારા ચાબૂકાદિના પ્રહારજન્ય દુઃખો વેઠવા પડે છે, અન્ય હિંસક

પ્રાણીના ભક્ષ્ય બની મારણાંતિક વેદના ભોગવવી પડે છે. આ રીતે હિંસાનું પરિણામ ભયંકર છે.

## બીજું અધ્યયન : મૃષાવાદ

આ અધ્યયનમાં મૃષા–અસત્યવાદ રૂપ આશ્રવનું વર્ણન છે. અસત્યવચન અન્યને વ્યથા–દુઃખ પહોંચાડે છે, તેમજ વૈર, વિરોધ, અવિશ્વાસ, રાગ–દ્વેષ તથા માનસિક સંકલેશ ઉત્પન્ન કરે છે.

સંયમરહિત, અવિરત, કપટી, કુટિલ, ક્રોધી, માની, માયાવી, લોભી વ્યકિત અસત્ય બોલે છે. આત્માનું અસ્તિત્વ નહીં સ્વીકારનારા નાસ્તિકવાદી; જગતને શૂન્ય રૂપ માનનારા શૂન્યવાદી; રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર, આ પાંચ સ્કંધ સિવાય આત્મા વગેરેનું અસ્તિત્વ નહીં સ્વીકારનારા પંચસ્કંધવાદી; મનને જીવ માનનારા મનજીવવાદી; આત્માને વાયુ રૂપ માનનારા વાયુજીવવાદી; સમસ્ત સંસારને માયાજાળ માનનારા અસદ્ભાવવાદી; જગતને ઈશ્વરે ઉત્પન્ન કર્યું છે, તેમ માનનારા ઈશ્વર–કર્તૃત્વવાદી; વિશ્વવ્યાપી એક આત્માને માનનારા એકાત્મવાદી; આત્માને અકર્તા (કાંઈ કરતો નથી) માનનારા અકર્તૃત્વવાદી; જગતની સર્વ ઘટનાઓ ઈચ્છા વિના ઘટિત

થાય છે, બુદ્ધિપૂર્વક કાંઈ થતું નથી, તેવું માનનારા યદચ્છાવાદી; જગતમાં જે કાંઈ થાય છે, તે સ્વભાવથી થાય છે, મનુષ્યના કરવાથી કાંઈ થતું નથી, તેમ માનનારા સ્વભાવવાદી વગેરે એકાંતિક ભાષણ કરવાના કારણે મિથ્યાભાષી છે.

પર પીડાકારી, પાપકારી કાર્યની સલાહ કે પ્રોત્સાહન આપતા હિંસક વચનો અસત્ય વચન છે. ક્રોધથી, લોભથી, ભયથી બોલાતા વચન અસત્ય વચન છે. યુદ્ધ સંબંધી આદેશ રૂપ વચનો અસત્ય વચન છે. તેના વિરાટ સ્વરૂપને પ્રગટ કરતા ૩૦ નામ છે.

**મૃષાવાદનું પરિણામ–** મૃષાવાદી આદર, સન્માન પામતા નથી, લોકો તેનામાં વિશ્વાસ મૂકતા નથી, તે સંતાપ અને સંક્લેશને પામે છે, ભવપરંપરામાં તે દીનતા, દરિદ્રતાને પામે છે. પાપકર્મનો બંધ કરી નરક, તિર્યંચાદિ દુર્ગતિને પામે છે અને દીર્ઘકાળ પર્યંત તેને દુર્ગતિના દુઃખો ભોગવવા પડે છે. ત્યાર પછીના મનુષ્ય ભવમાં પરાધીન, ભોગોપભોગની સામગ્રીથી રહિત, રોગમય જીવન પામે છે. ધર્મબુદ્ધિથી રહિત, જ્ઞાનથી રહિત, ધર્મશાસ્ત્રના શ્રવણથી રહિત એવું જીવન પામે છે. મૃષાવાદના કટુ પરિણામને જાણી વિવેકી પુરુષોએ અસત્ય વચન બોલવાનો ત્યાગ કરવો

જોઈએ.

## ત્રીજું અધ્યયન : અદત્તાદાન

આ અધ્યયનમાં અદત્ત એટલે નહીં અપાયેલું અને આદાન એટલે ગ્રહણ કરવા રૂપ ચૌર્યકર્મનું કથન છે. જે વસ્તુ અન્યની માલિકીની છે, તે વસ્તુ તેના સ્વામીની અનુમતિ વિના લઈ લેવી અને પોતાની માલિકીની બનાવવી, તે અદત્તાદાન છે. તે ત્રીજું અધર્મદ્વાર છે, અદત્તાદાનનું મૂળ મૂર્છા, લોભ અને આસક્તિ છે. તેના સ્વરૂપદર્શક ૩૦ નામ છે.

માલિકની આજ્ઞા વિના વસ્તુ લેવી તે **સ્વામીઅદત્ત** છે. જીવની આજ્ઞા વિના તેના પ્રાણનું હરણ કરવું, તેની ઘાત કરવી, તે **જીવઅદત્ત** છે. તીર્થંકર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, તે **તીર્થંકરઅદત્ત** છે અને ગુરુની આજ્ઞાનો ભંગ કરવો, ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવું, તે **ગુરુઅદત્ત** છે. સંસારી જીવો વિવિધ પ્રકારે ચોરી કરે છે.

કોઈ લોભ કે તૃષ્ણા વૃત્તિથી છુપાઈને ચોરી કરે છે, કોઈ આક્રમણ કરીને, કોઈ મંત્ર પ્રયોગથી, કોઈ સ્ત્રી પશુ વગેરેનું અપહરણ કરીને ચોરી કરે છે. કોઈ રસ્તે ચાલનારાને લૂંટે છે, તો કોઈ શસ્ત્રના બળે અન્યના ખજાનાને લૂંટે છે.

કોઈ અસંતોષને વશ બની મહાસંગ્રામ દ્વારા રાજયાદિને લૂંટે છે.

**ચોરીનું પરિણામ–** ચોરી મિત્રોમાં, પ્રિયજનોમાં વેરભાવ, લડાઈ, ઝગડા, યુદ્ધ આદિને નોતરે છે. ચોરી કરતા પકડાય જાય, ત્યારે તેને બંધન, માર, જેલના કષ્ટ સહન કરવા પડે છે. સોય ભોંકાવવી, ઊંધા લટકાવવા, ચામડી ઉતેડવી, અંગોપાંગનું છેદન, ફાંસી જેવી સજા ભોગવવી પડે છે. આ રીતે ચોરી કરનાર આ ભવમાં દુર્દશાને પ્રાપ્ત થાય છે. તે જીવો પાપકર્મોનો સંચય કરી પરભવમાં દુર્ગતિને પામે છે, ત્યાં તેને અનેક પ્રકારની વેદના ભોગવવી પડે છે.

આ રીતે ચોરીના દુષ્પરિણામોને જાણી વિવેકી મનુષ્યોએ પોતાના સુખને માટે પ્રામાણિકતા અને નીતિથી પ્રાપ્ત સંપતિમાં સંતુષ્ટ રહેવું જોઈએ.

## ચોથું અધ્યયનઃ અબ્રહ્મચર્ય

આ અધ્યયનમાં અબ્રહ્મચર્યના ભાવોની ઉત્પતિ, અબ્રહ્મસેવી–ભોગોપભોગી વ્યકિતઓ તથા તેના દુષ્પરિણામોનું વર્ણન છે. આત્મરમણતાના ભાવોથી ચ્યુત થઈ, ઈંદ્રિયના વિષયોમાં રમણતા કરવી, તે અબ્રહ્મ– કુશીલ છે. તેના ગુણનિષ્પન્ન ૩૦ નામ છે. તે નામો અબ્રહ્મચર્યન્ત

સ્વરૂપને તથા તેનાથી થતાં અનર્થોને પ્રગટ કરે છે. અબ્રહ્મ મોહને વધારનાર, તપ–સંયમનું વિઘાતક અને જરા, મરણ, રોગ તથા શોકનું કારણ તથા સંસારવર્ધક છે.

મોહમતિવાળા ચારે જાતિના દેવો, જલચર–સ્થલચરાદિ સર્વ તિર્યંચો અબ્રહ્મસેવી છે. મનુષ્યોમાં ચક્રવર્તી, રાજા, બળદેવ, વાસુદેવ, માંડલિક રાજા દીર્ઘકાળ પર્યંત ભોગ ભોગવવા છતાં અતૃપ્તપણે જ મૃત્યુ પામે છે. યુગલિક મનુષ્યો રોગ, વૃદ્ધત્વ, વ્યાપારાદિના વિઘ્ન વિના સદા યૌવન રહીને અસંખ્ય વર્ષો સુધી વિષય ભોગોનું સેવન કરવા છતાં અતૃપ્ત ભાવે મૃત્યુ પામે છે. સંક્ષેપમાં ચારે ગતિના જીવો વિષય–વાસનાથી ઘેરાયેલા છે.

વેદમોહનીય કર્મના ઉદયથી તથા આહાર, રૂપ, સ્ત્રી સંયોગ આદિના નિમિત્તથી અબ્રહ્મ ભાવ ઉત્પન્ન થાય છે અને કુસંગતથી વિકાર ભાવો પુષ્ટ થાય છે. શરીર પુષ્ટ થવાથી અથવા ઈંદ્રિયો બળવાન બનવાથી વિકારભાવ ઉત્પન્ન થઈ શકે છે, માટે સંયમી પુરુષોએ, તપશ્ચર્યા દ્વારા રસનેન્દ્રિયને સંયમિત કરવી જોઈએ.

**અબ્રહ્મના દુષ્પરિણામો** – અબ્રહ્મભાવમાં આસક્ત, મોહને વશીભૂત પ્રાણી, તે ભાવમાં મૃત્યુ પામી દુર્ગતિને પ્રાપ્ત કરે

છે અને ત્યાંની ભયંકર વેદનાને ભોગવે છે. અબ્રહ્મ સેવનમાં ક્ષણમાત્રનું સુખ અને બહુકાળનું દુઃખ છે.

અબ્રહ્મના કારણે, સ્ત્રીઓ માટે ભયંકર યુદ્ધો થાય છે. હિંસા–વેર, વિરોધ વૃદ્ધિ પામે છે. પરસ્ત્રીગામી આલોક–પરલોક બંને બગાડે છે. પાપકર્મનો બંધ કરીને જીવ ચારગતિ, ચોવીસ દંડકમાં પરિભ્રમણ કર્યા કરે છે.

અબ્રહ્મના ભયંકર પરિણામોને જાણી સાધકે ઈંદ્રિય સંયમ, મનસંયમ રાખી અધર્મના દ્વાર રૂપી અબ્રહ્મનો ત્યાગ કરવો જોઈએ.

## પાંચમું અધ્યયન : પરિગ્રહ

આ અધ્યયનમાં પરિગ્રહનું સ્વરૂપ, તેના દારુણ પરિણામ અને પરિગ્રહી વ્યકિતનું વર્ણન છે. વસ્તુના સંગ્રહને અને તેના ઉપરના મૂર્ચ્છાભાવને પરિગ્રહ કહે છે. જે જીવને ગ્રહી રાખે–જકડી રાખે, તેને પરિગ્રહ કહે છે. જમીન, ધન, સંપત્તિ, સોનું, ચાંદી, ઝવેરાત, મકાન, સ્ત્રી, પરિવાર વગેરે અચિત્ત–સચિત્ત વસ્તુઓ પરિગ્રહ રૂપ છે. તેના પર્યાયવાચી ૩૦ નામ તેના સ્વરૂપને સમજાવે છે. પરિગ્રહનો લાભ થાય, તેમ લોભ વધે છે. અગ્નિમાં ઘી નાંખવામાં આવે, તો તે વધુ પ્રજ્વલિત બને છે. તેમ પરિગ્રહ વધતા લોભસંજ્ઞા

વધે છે. પરિગ્રહ ભાઈ–ભાઈ વચ્ચે, મિત્ર–મિત્ર વચ્ચે, પિતા–પુત્ર અને શેઠ–નોકર વચ્ચે વેરની વૃદ્ધિ કરાવે છે. હિંસા અને મહાસંગ્રામનું નિમિત્ત બને છે.

**પરિગ્રહધારી–** ચારે જાતિના દેવો મહાન ઋદ્ધિના ધારક છે. તેમાં પણ ઈંદ્ર, સામાનિક, લોકપાલ, અહમિન્દ્રો વિશેષ ઐશ્વર્યના ધારક હોય છે. દેવો પોતાના ભવન, વિમાન, આવાસ, યાન, શય્યા, આસન, સિંહાસનો, વસ્ત્ર આભૂષણો, શસ્ત્રો, મણિ– રત્નો, દેવીઓ ઉપર સ્વામીત્વ ધરાવે છે અને તેમાં મૂચ્છિર્ત હોય છે. કેટલાક દેવો મધ્યલોકના વર્ષધર પર્વતો, ક્ષેત્ર, દ્વીપ–સમુદ્રો, નદીઓ, વૈતાઢય પર્વતો, ઈક્ષુકાર પર્વતો, દધિમુખ પર્વતોના અધિનાયક હોય છે. અકર્મભૂમિના યુગલિકો, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરે મનોજ્ઞ ભોગોપભોગની સામગ્રીથી સંપન્ન હોય છે. પરિગ્રહ માટે કેટલાક લોકો હિંસા અસત્ય, માયા કપટ આદિ સર્વ પાપનું સેવન કરે છે.

**પરિગ્રહના કટુ પરિણામ–** જીવ પરિગ્રહના ઉપાર્જન, ઉપભોગ અને સંરક્ષણ કરવામાં અનેક પ્રકારે પાપકર્મનું આચરણ કરી કર્મનો સંગ્રહ કરે છે. તે કર્મના ઉદયે આ લોકમાં તેના સન્માર્ગ અને સુખશાંતિ નષ્ટ થાય છે. પરલોકમાં દુર્ગતિને પામી, તદ્ગત મહાદુ:ખોને પામે છે.

આવા દુષ્પરિણામોથી બચવા સાધકે પરિગ્રહની મર્યાદા સ્વીકારી લેવી જોઈએ.

# બીજો શ્રુતસ્કંધ

## પ્રથમ અધ્યયન : અહિંસા

આ અધ્યયનમાં સંવર રૂપ અહિંસાનું સ્વરૂપ દર્શન છે. કોઈપણ પ્રાણીઓને દુઃખ, ત્રાસ, પીડા ન આપવી, પ્રાણીઓના પ્રાણની રક્ષા કરવી, તે અહિંસા છે. તીર્થંકરોએ સંસારના સમસ્ત જીવોની દયા–અનુકંપા માટે ઉપદેશ આપ્યો છે. સર્વ વ્રતોમાં અહિંસા વ્રત મુખ્ય છે. શેષ ચારે મહાવ્રતોના પાલનથી અહિંસાવ્રતની પુષ્ટિ થાય છે.

અહિંસા પ્રધાન આ પ્રવચન (ધર્મ) આત્મા માટે હિતકારી છે. આ ભવ–પરભવમાં કલ્યાણકારી, સમસ્ત પાપો અને દુઃખોને ઉપશાંત કરનાર છે. પક્ષીઓને આકાશ, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, ડૂબતાને જહાજ, રોગીને ઔષધ, સુખપ્રદ હોય છે, તે જ રીતે અહિંસા ભગવતી ત્રસ–સ્થાવર પ્રાણીઓ માટે તેનાથી અધિકતર મંગલકારી અને સુખાવહ છે.

મહાવ્રતધારી મુનિભગવંતો, મનઃપર્યવાદિ વિશિષ્ટ જ્ઞાનધારી, લબ્ધિધારી, તપસ્વી, સ્વાધ્યાય– ધ્યાનમાં લીન,

સમિતિ તથા ગુપ્તિવંત, છકાયના રક્ષક, અપ્રમત્ત શ્રેષ્ઠ મુનિવરો અહિંસાનું સમ્યગ્ રૂપે પાલન કરે છે.

સાધક આત્માઓ સંયમ પાલન અર્થે આહાર કરે છે, તેમની આહારચર્યા અસાવદ્ય – પાપ રહિત હોય છે. સ્થાવર અને ત્રસ પ્રાણીઓની અનુકંપા માટે સ્વયં હિંસા કરી આહાર બનાવે નહીં, બનાવરાવે નહીં, બનાવતાનું અનુમોદન કરે નહીં. ઉદ્ગમ, ઉત્પાદન અને એષણાના ૪૨ દોષથી રહિત શુદ્ધ આહાર ગ્રહણ કરે છે.

સાધુ આહાર ગ્રહણ કરવા માટે ગૃહસ્થને હિંસાત્મક પ્રયોગો ન બતાવે, સ્વપ્ન, જ્યોતિષ, નિમિત્તાદિનું કથન ન કરે, કોઈની હીલના, નિંદા, તિરસ્કાર, તાડન–તર્જન, અભિમાન, માયાચાર, ક્રોધાદિ કરી આહારની પ્રાપ્તિ ન કરે. સાધુ અજ્ઞાત કુળમાંથી ભિક્ષા ગ્રહણ કરે. આ પ્રકારની જીવનનિર્વાહ પદ્ધતિના કારણે સાધુ અહિંસા ધર્મનું સંપૂર્ણતયા પાલન કરી શકે છે.

અહિંસા મહાવ્રતની સુરક્ષા માટે, તેની સમ્યગ્ આરાધના માટે પાંચ ભાવનાઓ છે. **૧. ઈર્યાભાવના–** જોઈ–પોંજીને યતનાપૂર્વક ચાલવું. **૨. મનભાવના–** પાપમય, ધર્મવિરોધી, બંધ–વધ, ભય, મૃત્યુ આદિના વિચાર ન કરવા. **૩. વચન ભાવના**– સાવદ્ય–પાપકારી

વચનોનો પ્રયોગ ન કરવો. **૪. એષણા ભાવના**– ગવેષણાના સર્વ દોષોથી રહિત, માધુકરી વૃત્તિથી આહાર ગ્રહણ કરવો. વડિલો સમક્ષ આહાર ગ્રહણના અતિચારોની આલોચના કરવી, સંકલેશથી દૂર રહીને, અન્ય સાધુઓને આહાર માટે આમંત્રિત કરી, દીક્ષાક્રમથી રત્નાધિકોને આહારનો લાભ આપીને પછી આહારમાં ગૃદ્ધ બન્યા વિના, રાગ–દ્વેષ કર્યા વિના આહાર કરવો **૫. આદાન–નિક્ષેપણ સમિતિ**–પાટ, પાટલા, શય્યા– સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ વગેરે જોઈ પોંજીને ગ્રહણ કરવા અને મૂકવા.

અહિંસા નામના આ પ્રથમ સંવરદ્વારનું સાધકે યથાર્થ રૂપે પાલન કરવું જોઈએ.

## બીજું અધ્યયન : સત્ય

આ અધ્યયનમાં સત્ય વ્રતનું કથન છે. સજ્જનોને હિતકારી તથા વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરનારી ભાષા સત્ય ભાષા છે પરંતુ તે ભાષા પ્રયોગથી બીજા જીવનું અહિત થતું હોય, તો તે ભાષા અસત્ય જ કહેવાય છે.

**સત્યમહિમા–** સત્ય વ્રત શુદ્ધ, પવિત્ર, શિવકારી અને સુભાષિત–સમ્યક્ પ્રકારે કહેવાયેલું છે. સત્ય ઉત્તમકોટિના દેવો તથા શ્રેષ્ઠ માનવોને માન્ય છે. સત્યના પ્રભાવે

સામુદ્રીય તોફાનમાં ફસાયેલું વહાણ ડૂબતું નથી, સત્યના પ્રભાવે માનવી અગ્નિમાં બળતો નથી. સત્યરૂપી સુરક્ષા કવચને ધારણ કરનાર મનુષ્યને તલવારના ઘા પડવા છતાં ઈજા થતી નથી. દેવો પણ સત્યવાદી માનવનો સંગ કરવા ઈચ્છે છે તથા તેને સહાય કરે છે. સત્ય લોકમાં સારભૂત છે, મેરુથી અધિક સ્થિર અને અટલ છે. સત્યના પ્રભાવે વિદ્યાઓ તેમજ મંત્ર સિદ્ધ થાય છે.

જે સત્ય સંયમનું વિઘાતક હોય, જેમાં પાપનું મિશ્રણ હોય, ભેદકારી, અન્યાયકારી, મર્મકારી, નીંદનીય હોય, આત્મપ્રશંસા અને પરનિંદા રૂપ હોય, પીડાદાયી હોય, તે સત્ય આશ્રવયુક્ત છે. મહાવ્રતી માટે તે વર્જનીય છે.

**સત્ય ભાષણનું પરિણામ–** શાસ્ત્રકારે સત્યને ભગવાન તુલ્ય કહ્યું છે. સત્ય ભાષણ, આ ભવમાં માનસિક શાંતિ અને સમાધિ આપે છે અને પરભવમાં સદ્‌ગતિને પ્રાપ્ત કરાવે છે.

**સત્ય મહાવ્રતની પાંચ ભાવના :– ૧. ચિંત્ય ભાષણ** – સારી રીતે વિચારીને, નિર્વદ્ય વચન બોલવા. **૨. અક્રોધ**–ક્રોધ વિવેકનો નાશ કરે છે. ક્રોધના આવેશમાં બોલાયેલા વચન અસત્ય જ હોય છે, માટે ક્રોધનો ત્યાગ

કરી ક્ષમાભાવ કેળવવો જોઈએ. **૩. નિર્લોભતા**–લોભ સર્વ સદ્‌ગુણોનો વિનાશક છે. લોભી અને લાલચુ મનુષ્ય મકાન–દુકાન, જમીન, યશકીર્તિ, વૈભવસુખ, આહારાદિ માટે અસત્ય બોલે છે. સત્યવ્રતની સુરક્ષા માટે સાધકે નિર્લોભવૃત્તિ ધારણ કરવી જોઈએ. **૪. નિર્ભયતા**–ભય મનુષ્યની સાહસવૃત્તિને નષ્ટ કરે છે, સમાધિભાવનો નાશ કરે છે, સંકલેશ ઉત્પન્ન કરે છે, સાધકને સત્યમાં સ્થિર રહેવા દેતી નથી. સત્યના આરાધકે નિર્ભય બનવું જોઈએ. **૫. હાસ્યત્યાગ** – અસત્યનો આશ્રય લીધા વિના અન્યની હાંસી–મજાક થઈ શકતા નથી. તેનાથી બીજાને પીડા થાય છે. સત્ય વ્રતના રક્ષણ માટે હાસ્યવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

## ત્રીજું અધ્યયન : દત્તાનુજ્ઞાત

આ અધ્યયનમાં દત્ત એટલે આપેલું ગ્રહણ કરવું, તે દત્તાનુજ્ઞાત અર્થાત અચૌર્યવ્રતનું કથન છે. નગરમાં કે જંગલમાં, નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત વસ્તુ, તેના સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી, તે અચૌર્યવ્રત છે. જે આચાર્ય, ઉપાધ્યાય વગેરેના નામે વસ્તુ ગ્રહણ કરે, જે કોઈના ઉપકારને અથવા કોઈના સારા કાર્યોને છૂપાવે છે,

દાનમાં અંતરાય કરે, દાતાનું નામ છૂપાવે, ઈર્ષા–દ્વેષ કરે છે, ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ કાર્ય કરે છે. તે અદત્ત છે. સાધકે તેવા અદત્તથી દૂર રહેવું જોઈએ.

અચૌર્યવ્રત આત્મા માટે આ ભવમાં હિતકારી છે અને આગામી ભવમાં શુભ ફળદાયી છે. તે તૃષ્ણાનો અંત કરે છે, પાપના ફળને શાંત કરે છે.

**અસ્તેય મહાવ્રતની પાંચ ભાવના– ૧. નિર્દોષસ્થાન**– સાધુને નિર્દોષ સ્થાનમાં માલિકની આજ્ઞા લઈને નિવાસ કરવો. **૨. નિર્દોષ સંસ્તારક**–નિર્દોષ શય્યા–સંસ્તારક (પાટ, આસન) વગેરે ગ્રહણ કરવા. **૩. શય્યા પરિકર્મ** વર્જન–સાધુ જે સ્થાનમાં નિવાસ કરે છે, તેમાં પોતાની અનુકૂળતા માટે બારી–બારણામાં ફેરફાર આદિ કોઈપણ પ્રકારનું શય્યા પરિકર્મ ન કરાવવું. **૪. સાધર્મિક સંવિભાગ** –ભિક્ષા વિધિથી પ્રાપ્ત આહાર, પાણી, વસ્ત્રાદિમાં સાધુ સાધર્મિકોનો સંવિભાગ કરવો. કપટપૂર્વક સારી વસ્તુ પોતે ભોગવી લેવાની વૃત્તિ ન રાખવી. **૫. સાધર્મિક વિનય** – સાધર્મિક સાધુઓમાં ગ્લાન, વૃદ્ધ, તપસ્વીની આવશ્યકતા પ્રમાણે સેવા કરવી. સાધુધર્મના આચારનું પાલન ન કરવું, તે તીર્થંકર અદત્ત છે. સાધુએ અદત્તનો ત્યાગ કરી અસ્તેય મહાવ્રતનું યથાર્થ પાલન કરવું જોઈએ.

## ચોથું અધ્યયન : બ્રહ્મચર્ય

આ અધ્યયનમાં બ્રહ્મચર્ય મહાવ્રતનું સ્વરૂપ દર્શન છે. બ્રહ્મ એટલે આત્મસ્વરૂપમાં રમણતા કરવી. પાંચે ઈંદ્રિયના વિષયભોગની આસક્તિનો ત્યાગ કરવો, તે બ્રહ્મચર્ય છે. અનેક પ્રકારના તપમાં બ્રહ્મચર્ય તપ શ્રેષ્ઠ છે.

**બ્રહ્મચર્ય મહિમા–** પૈંડાની નાભિ તથા વૃક્ષમાં થડની જેમ સમસ્ત ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે. આ અધ્યયનમાં બ્રહ્મચર્યને **'ભગવાન'** કહ્યું છે. જ્ઞાનાદિ ગુણોનું મૂળ બ્રહ્મચર્ય છે. આ મહાવ્રત સાધકને વેરભાવ અને કષાયભાવથી મુકત કરાવી, સિદ્ધગતિના દ્વાર ખોલાવે છે. બ્રહ્મચર્યનું યથાર્થ પાલન કરનાર સાધક જ સાચા શ્રમણ, બ્રાહ્મણ, તપસ્વી, ઋષિ, મુનિ અને સાચા ભિક્ષુ છે.

**બ્રહ્મચર્ય પોષક આચાર–** સ્નાનત્યાગ, મૌનવ્રત, બ્રહ્મચર્ય વગેરે સાધનાના આવશ્યક અંગ છે. કેશલોચ, ક્ષમા, ઈંદ્રિયદમન, ઈચ્છાનિરોધ, ભૂમિશયન, પરિષહ સહેવા, અભિગ્રહ, તપશ્ચર્યાદિ નિયમોથી આત્માને ભાવિત કરવાથી આ વ્રત સ્થિર અને સુદઢ બને છે.

**બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવના – ૧. વિવિકત શયનાસન**–સાધુએ સ્ત્રી આદિથી રહિત સ્થાનમાં અને સાધ્વીએ પુરુષ રહિત સ્થાનમાં નિવાસ કરવો. **૨. સ્ત્રીકથા**

**ત્યાગ**–બ્રહ્મચારી સાધકે સ્ત્રીઓ/પુરુષોની વેશભૂષા, રૂપ, સૌંદર્ય આદિ સંબંધી વાર્તાલાપ ન કરવો, આવી વાતો અબ્રહ્મભાવને ઉત્તેજિત કરે છે. **૩. સ્ત્રીરૂપદર્શન ત્યાગ**–રાગભાવવર્ધક, મોહજનક દશ્યો જોવા નહીં, તેવા દશ્ય નજર સમક્ષ આવે, ત્યારે તરત જ દષ્ટિને દૂર કરી લેવી. **૪. પૂર્વભોગ સ્મરણ ત્યાગ**–પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ ચિત્તને ચંચળ બનાવે છે, તેથી તેનો ત્યાગ કરવો. **૫. ગરિષ્ઠ ભોજન ત્યાગ**– સાધકે અત્યંત ગરિષ્ઠ–બળવર્ધક, કામોત્તેજક આહાર ન કરવો. અધિક માત્રામાં આહાર કરવો, તે બ્રહ્મચારી માટે સર્વથા વર્જ્ય છે. સાધ્વીએ પુરુષકથા ત્યાગ, પુરુષ રૂપદર્શન ત્યાગ કરવો જોઈએ. બ્રહ્મચર્ય વ્રત અનાશ્રવ રૂપ છે, માટે તેનું સમ્યક્ પાલન કરવું જોઈએ.

## પાંચમું અધ્યયન : અપરિગ્રહ

આ અધ્યયનમાં અપરિગ્રહ મહાવ્રતનું વર્ણન છે. અમૂર્ચ્છાભાવ કે અનાસકત ભાવને અપરિગ્રહ કહે છે. દ્રવ્યથી ધન–ધાન્ય–સોનું–ચાંદી આદિ પરિગ્રહના ત્યાગી અને ભાવથી ચાર કષાયના ત્યાગી શ્રમણ અપરિગ્રહી કહેવાય છે. અપરિગ્રહી શ્રમણો અસંયમથી લઈને તેત્રીસ પ્રકારની આશાતના પર્યંતના ૩૩ બોલને જાણે, તેમાંથી

હેય–છોડવા યોગ્યનો ત્યાગ કરે અને ઉપાદેય સ્વીકારવા યોગ્યનો સ્વીકાર કરે છે.

**અપરિગ્રહ મહિમા–** અપરિગ્રહ સિદ્ધિનું કારણ છે. મેરુ પર્વતના શિખરની જેમ આ મહાવ્રત વ્રતોમાં શિખર તુલ્ય છે. અપરિગ્રહાદિ રૂપ અનાશ્રવ એટલે આવતા કર્મ અટકાવવા રૂપ સંવર વૃક્ષનું સમ્યકત્વ મૂળ છે  અને મોક્ષ તેનો સાર છે. પ્રાપ્ત થયેલા નિર્દોષ આહારાદિ કોઈ પણ પદાર્થોનો સાધુ સંચય ન કરે. રાત્રે તેલ, ઘી, ગોળ આદિ આહાર દ્રવ્યો રાખે નહીં. આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરતાં સાધુ કષાય, સ્નેહ, મમત્વ, આસક્તિભાવ, લાલસાથી રહિત બને. હર્ષ–શોકથી રહિત બને. પૌદ્ગલિક સુખ કે દુઃખનો વિચાર ન કરે. તેની ઉપેક્ષા કરી સ્વાધ્યાય–ધ્યાનમાં મગ્ન રહે.

**અપરિગ્રહ વ્રતની પાંચ ભાવના–** ૧. શ્રોતેન્દ્રિય સંવર,  ૨. ચક્ષુરિન્દ્રિય સંવર, ૩. ઘ્રાણેન્દ્રિય સંવર, ૪. રસનેન્દ્રિય સંવર, ૫. સ્પર્શેન્દ્રિય સંવર. ઈંદ્રિયના વિષય મનોજ્ઞ કે અમનોજ્ઞ રૂપે અનુભવાય છે. ઉનાળામાં શીત સ્પર્શ મનોજ્ઞ લાગે છે, શિયાળામાં તે જ શીત સ્પર્શ અમનોજ્ઞ જણાય છે. ઈંદ્રિયના વિષયો પ્રાપ્ત થવા છતાં વિષયોમાં રાગ–દ્વેષ ન કરવા, તે ઈંદ્રિય સંવર છે. પાંચ ઈંદ્રિયોના વિષયમાં વિરકત રહે છે,

તે જ સાધક અપરિગ્રહ મહાવ્રતની આરાધના કરી શકે છે.

આ પાંચે સંવર દ્વારની આરાધનાથી સાધક નવા કર્મોને આવતા અટકાવી, જૂના કર્મોનો ક્ષય કરી શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

## શ્રી વિપાક સૂત્ર

વિવાગસુયં – વિપાકસૂત્ર અગિયારમું અંગ સૂત્ર છે. તેના બે શ્રુતસ્કંધ (વિભાગ) છે. બંને શ્રુતસ્કંધમાં દશ–દશ અધ્યયન છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ દુઃખવિપાક સૂત્ર છે અશુભકર્મના ફળ સ્વરૂપે જીવ દુઃખી અવસ્થાને પ્રાપ્ત થાય છે અને બીજા શ્રુતસ્કંધનું નામ સુખવિપાક સૂત્ર છે. શુભ કર્મના ફળ સ્વરૂપે જીવ સુખી અવસ્થાને પ્રાપ્ત થાય છે. વિપાકનો અર્થ છે ફળ. પાપકર્મનું ફળ દુઃખ છે, પુણ્યકર્મનું ફળ સુખ છે. હિંસા, ચોરી વગેરે પાપકર્મના ફળને અને અહિંસા, સંયમ વગેરેના ફળને આ શાસ્ત્રમાં જીવન ચરિત્રના માધ્યમથી પ્રગટ કર્યા છે. કર્મવિપાકનું વર્ણન હોવાથી આ શાસ્ત્રનું નામ વિપાકસૂત્ર રાખવામાં આવ્યું છે.

## પ્રથમ શ્રુતસ્કંધ – પ્રથમ અધ્યયન : મૃગાપુત્ર

ભગવાન મહાવીર સ્વામીના સમયમાં મૃગગ્રામ

નગરમાં વિજય ક્ષત્રિય નામના રાજા અને તેની મૃગા નામની રાણી હતી. એકદા મૃગારાણી ગર્ભવતી બની. ગર્ભ ધારણ કરતાં જ મૃગારાણીના શરીરમાં અસહ્ય વેદના ઉત્પન્ન થઈ, તે રાજાને અનિષ્ટ, અપ્રિય બની ગઈ, તેથી તેણે ગર્ભને પડાવી નાંખવા વિવિધ પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફળ ગયા, અંતે વિવશતાથી તે ગર્ભનું વહન કરવા લાગી. ગર્ભસ્થ બાળકને ભસ્મક રોગ થયો, તેથી તે ઘણો આહાર ગ્રહણ કરતો પણ તે–તે આહાર લોહી–પરૂ બની વહેવા લાગતો. તે બાળકની આઠ નાડીઓ અંદર અને આઠ નાડીઓ બહાર વહેતી હતી. પહેલી આઠ નાડીમાંથી પરૂ અને બીજી આઠ નાડીમાંથી લોહી વહેતા હતા. બે નાડી કાનના છીદ્રમાં, બે નાડી બે આંખના છીદ્રમાં, બે નાડી બે નાકના છીદ્રમાં અને બે નાડી હૃદયમાં લોહી, પરૂ વહેવડાવતી હતી. યથાસમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાણીએ દાસીને તે વિકૃત, બેડોળ, માંસના લોચા જેવા તે બાળકને ઉકરડે ફેંકી આવવા કહ્યું. દાસીએ રાજાને વાત કરી, રાજાએ મૃગા રાણીને કહ્યું – આ આપણો પ્રથમ પુત્ર છે. તેને ઉકરડે ફેંકાવી દેશો, તો ભાવી પુત્રો સ્થિર રહેશે નહીં, માટે ભોંયરામાં ગુપ્ત રીતે રાખી, તેનું પાલન–પોષણ કરો. રાજાની વાતનો સ્વીકાર કરી મૃગારાણી તે મૃગાપુત્રનું ગુપ્ત રૂપે પાલન કરવા લાગી.

એકદા ભગવાન મહાવીરસ્વામી મૃગગ્રામ નગરના ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુનો ઉપદેશ સાંભળવા રાજા સહિત અનેક લોકો નગરમાંથી આવ્યા. ત્યાં એક દીન–હીન, જન્માંધ વ્યકિતને નાનકડી ગાડીમાં બેસાડી, તે ગાડીને ખેંચીને, એક માણસ તેને પ્રભુની દેશનામાં લઈ આવ્યો હતો. તેને જોઈને ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછયું કે હે ભગવાન ! આ કેવો દુઃખી માણસ છે, શું આના જેવું કોઈ બીજું દુઃખી છે ? તે સમયે ભગવાને મૃગારાણીના ભોયરામાં રાખેલા મૃગાપુત્રના દુઃખનું વર્ણન કર્યું.

મૃગાપુત્રને જોવાની ભાવનાથી પ્રભુની આજ્ઞા લઈ ગૌતમસ્વામી મૃગારાણીના મહેલમાં પધાર્યા અને મૃગાપુત્રને જોવાની ભાવના વ્યકત કરી. મૃગારાણીએ ભોજનની ગાડી ભરી અને ભોંયરા પાસે પહોંચીને તેને ચાર પડવાળા વસ્ત્રથી મોઢાને એટલે નાકને ઢાંકી દીધું અને ગૌતમસ્વામીને પણ વસ્ત્રથી મુખ (નાક) ઢાંકવાનું કહ્યું. ગૌતમસ્વામીએ વસ્ત્રથી નાક ઢાંકી લીધું એટલે મૃગારાણીએ ભોંયરાનો દરવાજા ખોલ્યો. દરવાજો ખુલતાં જ ચારેબાજુ અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ. તે દુર્ગંધ કૂતરા, સર્પ વગેરેના કોહવાઈ ગયેલા મૃત શરીરની દુર્ગંધથી પણ વધુ ભયંકર હતી. મૃગા રાણીએ ત્યાં આહાર રાખ્યો, એટલે તે બાળક ખૂબ આસકિતથી શીઘ્ર

તે આહાર ખાઈ ગયો અને તત્કાલ તે પરૂ અને લોહી રૂપે પરિણમી બહાર વહેવા લાગ્યો. તેને પણ તે ચાંટી ગયો. આવું અતિ કરૂણ, દારૂણ દશ્ય જોઈ ગૌતમસ્વામી પ્રભુ પાસે આવીને તેની દુઃખી અવસ્થાનું કારણ પૂછ્યું. પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**ઈકાઈ રાઠોડનો ભવ–** ઈકાઈ રાઠોડ વિનય વર્ધમાન નામના ખેટ–નાના ગામનો શાસક હતો. તે અધર્મી, અધર્માચારી, અધર્મને પોષણ આપનારો હતો. પ્રજાની પીડામાં આનંદ અનુભવતો હતો. લાંચ–રૂશ્વત લેવામાં કે બમણા કર લેવામાં તે કુશળ હતો, ખેડૂત વગેરેની ઘાત કરાવી તેનું ધન પડાવી લેતો. તે પ્રજાને દુઃખી, પીડિત, તિરસ્કૃત કરતો હતો, માયાચારને પોતાનું કર્તવ્ય સમજતો. એકવાર તેના શરીરમાં એક સાથે સોળ મહારોગો ઉત્પન્ન થયા. તે રોગાંતકોથી મૃત્યુ પામી પ્રથમ નરકમાં ઉત્પન્ન થયો. નરકમાં એક સાગરોપમની સ્થિતિ પર્યંત વિવિધ દુઃખો ભોગવી તેણે મૃગાપુત્ર તરીકે જન્મ લીધો છે. ૨૬ વર્ષ સુધી આ દારૂણ દુઃખ ભોગવી પુનઃ પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. નરક, તિર્યંચપંચેન્દ્રિયના ભવો કરીને બેઈંદ્રિય, પૃથ્વી, પાણી, વાયુ, વનસ્પતિના લાખો ભવ કરી અપાર વેદના ભોગવ્યા પછી મનુષ્યભવ પ્રાપ્ત કરશે, મનુષ્યનું આયુષ્ય પૂર્ણ કરીને પ્રથમ

દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યારપછી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી સિદ્ધ થશે.

જીવ પરપીડા, અન્યની ઘાત, લાંચ – રૂશ્વતાદિ પાપકર્મના વિપાક રૂપે દીર્ઘકાળ પર્યંત વિવિધ રીતે દુઃખોને પ્રાપ્ત થાય છે.

## બીજું અધ્યયન : ઉજ્ઝિતક

વાણિજ્યગ્રામમાં વિજયમિત્ર સાર્થવાહ અને સુભદ્રા સાર્થવાહીનો ઉજ્ઝિતક નામનો પુત્ર હતો. ઉજ્ઝિતકના માતા–પિતા મૃત્યુ પામ્યા એટલે રાજકર્મચારીઓએ તેનું ધન લઈ લીધું અને ઉજ્ઝિતકને ઘરની બહાર કાઢી મૂકયો. તે નગરમાં ભટકતો દારૂ, જુગાર, ચોરી, વેશ્યાગમન વગેરે દુર્વ્યસનોનો ભોગ બની ગયો. નગરની પ્રખ્યાત કામધ્વજા નામની વેશ્યા સાથે ભોગ ભોગવતો, તે ત્યાં રહ્યો હતો.

વાણિજયગ્રામ નગરના મિત્ર નામના રાજા પોતાની શ્રીનામની રાણી રોગના કારણે ભોગ યોગ્ય ન રહી, ત્યારે કામધ્વજા વેશ્યાને ત્યાં જવા લાગ્યા. રાજાએ ઉજ્ઝિતકને કામધ્વજાના ઘરેથી કાઢી મૂકયો અને પોતે કામધ્વજા સાથે ભોગ ભોગવતા રહ્યા. કામધ્વજાના મોહના કારણે તક મળતા ઉજ્ઝિતક તેની પાસે પહોંચી જતો.

એકવાર રાજા તેને જોઈ ગયા અને તેને નગરમાં ફેરવી શૂળીએ ચડાવવાનો આદેશ આપ્યો. આયુધોથી સજ્જ રાજસૈનિકો ઉજ્જિઝતકને દોરડાથી બાંધી, કાન–નાક છેદીને, લાલફૂલોની માળા પહેરાવીને ચાબુક, પથ્થર આદિથી માર મારતા સેંકડો લોકોથી ઘેરાયેલા ઉજ્જિઝતકનાં શરીરમાંથી સૈનિકો તલ–તલ જેવડા માંસના ટુકડા કાપી–કાપીને પક્ષીને ખવડાવતા, ઉજ્જિઝતકને વધસ્થાન તરફ લઈ જઈ રહ્યા હતા. તે સમયે છઠના પારણે ગૌચરી અર્થે નીકળેલા ગૌતમસ્વામીએ આ દશ્ય નિહાળ્યું. ત્યાર પછી ભગવાન સમીપે આવીને ગૌતમસ્વામીએ ઉજ્જિઝતકની દુઃખ પૂર્ણ અવસ્થાનું કારણ પૂછ્યું. ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

**ગોત્રાસકનો ભવ** – હસ્તિનાપુર નગરમાં અધાર્મિક વૃત્તિવાળા ભીમ નામના કોટવાળ અને તેની ઉપ્પલ નામની પત્નીને પાપ બુદ્ધિવાળો એક પુત્ર હતો. તે પશુઓને દુઃખ દેતો, મારતો, પીટતો અને તેના અંગોનું છેદન કરતો. અર્ધી રાતે તે ગોશાળામાં જતો, પશુઓને સંત્રસ્ત કરી આનંદ માનતો અને માંસ–મદિરાના સેવનમાં મસ્ત રહેતો. ગાયો–બળદોને ત્રાસ આપતો હોવાથી તે ગોત્રાસક રૂપે પ્રસિદ્ધ થયો. ૫૦૦ વરસનું આયુષ્ય પૂર્ણ કરી તે નરકમાં

ઉત્પન્ન થયો અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ઉજ્ઝિતક રૂપે ઉત્પન્ન થયો છે. પૂર્વકૃત કર્મના પરિણામે તે દારૂણ દુઃખ ભોગવી રહ્યો છે. સાંજે શૂળી પર ચઢી ૨૫ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી પાપિષ્ટ વાંદરા રૂપે, વેશ્યાપુત્ર રૂપે જન્મ ધારણ કરી, નરક, તિર્યંચ જાતિમાં ભવભ્રમણ કરી અંતે દેવલોકમાં ઉત્પન્ન થઈ પછી મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

માંસ, મદિરા, પરસ્ત્રીગમન આદિ પાપકર્મોના ફળ સ્વરૂપે જીવ નરક–તિર્યંચ ગતિમાં ભવો કરી અનેક પ્રકારના દુઃખોને પ્રાપ્ત થાય છે.

## ત્રીજું અધ્યયન : અભગ્નસેન

પુરિમતાલ નગરથી થોડે દૂર એક ચોરપલ્લી હતી. ત્યાં ૫૦૦ ચોરો અને તેના અભગ્નસેન નામના સેનાપતિ રહેતા હતા. તેઓ પુરિમતાલ નગરમાં જઈ ચોરી કરતાં અને લોકોને ત્રાસ પહોંચાડતા હતા. નગરવાસીઓની ફરિયાદને કારણે રાજાએ ચોરપલ્લી ઉપર આક્રમણ કરાવ્યું પરંતુ તેઓ અભગ્નસેનને જીતી ન શકયા. અભગ્નસેનને છળ–કપટથી જ પકડી શકાશે, તેમ જણાતા રાજા ચોરપલ્લીના ચોરને વિવિધ પ્રકારની વસ્તુ મોકલાવવા લાગ્યા અને ત્યારપછી સેનાપતિને અમૂલ્ય ભેટો મોકલાવી અને સેનાપતિ

વિશ્વાસમાં આવી ગયા પછી રાજયમાં દશ દિવસનો ઉત્સવ જાહેર કર્યો. તેમાં સેનાપતિને આમંત્રણ આપ્યું અને તેમને સન્માનપૂર્વક રહેવાનું સ્થાન આપ્યું. રાજાએ તેને વિશિષ્ટ ખાદ્ય સામગ્રી સાથે વિશિષ્ટ મદિરાઓ મોકલાવી. ચોરો મદિરાના નશામાં બેભાન બન્યા, ત્યારે રાજાએ સેનાપતિને પકડી લીધો. ગાઢ બંધનથી બંધાયેલા અભગ્નસેનને માર મારતાં–મારતાં આખા નગરમાં ફેરવ્યો. નગરના અઢાર ચૌટા ઉપર તેને બેસાડી, તેની સામે તેના કાકા–કાકીઓ, પુત્ર–પુત્રવધુઓ, દીકરી–જમાઈઓ, મામા–મામીઓ, ફૈબા–ફૂવાઓ, પૌત્રો–પૌત્રવધુઓ, પૌત્રીઓ–જમાઈઓ, દોહિત્રો–દોહિત્રવધુઓ, દોહિત્રીઓ–જમાઈઓને માર મારતાં–મારતાં તેઓના શરીરમાંથી તલ–તલ જેટલું માંસ કાપીને તે માંસ અને લોહી અભગ્નસેનને ખવડાવ્યા–પીવડાવ્યા.

ભિક્ષા અર્થે નીકળેલા ગૌતમસ્વામીએ ચૌટા ઉપર બેસાડેલા ચોરની અવદશા જોઈ અને ભગવાનને તેના દુઃખનું કારણ પૂછ્યું. ઉત્તરમાં ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

**નિર્ણય વેપારીનો ભવ–** પુરિમતાલ નગરમાં નિર્ણય નામનો ઈંડાનો વેપારી હતો. તેના નોકરો નગરની

આસપાસના વનોમાંથી કાગડી, કબૂતરી, મરઘી, ટીટોડીં, બગલી, ઢેલ વગેરે પક્ષીઓના તથા અનેક જલચર, સ્થલચર, ખેચર જીવોના ઈંડાના ટોપલા ભરી–ભરીને લઈ આવતા અને નિર્ણય વેપારી, તેનો વેપાર કરતો. તે ઈંડાઓને તવામાં, કડાઈમાં તળી, શેકી, બાફીને ભોજન સમાગ્રી તૈયાર કરી આજીવિકા ચલાવતો. તે પોતે પણ ઈંડા, માંસ ભક્ષણ વગેરેમાં અનુરકત રહેતો હતો. ૧૦૦૦ વર્ષના આયુષ્ય દરમ્યાન કરોડો, અબજો ઈંડાઓની ઘાત કરી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી મરીને તે અભગ્નસેન તરીકે જન્મ્યો છે. આજે શૂળી દ્વારા ૭૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નારકી રૂપે ઉત્પન્ન થશે. સંસારમાં ચિરકાળ પર્યંત પરિભ્રમણ કરી કૃત કર્મના ફળરૂપે દુઃખને ભોગવશે અને અંતે મહાવિદેહક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

ઈંડા પંચેન્દ્રિય જીવ છે, પંચેન્દ્રિય જીવોની ઘાતથી જીવ પાપકર્મનો બંધ કરી તેના વિપાક રૂપે નરકાદિ દુર્ગતિને પામે છે.

## ચોથું અધ્યયન : શકટકુમાર

સાહજંણી નગરમાં શકટકુમાર નામનો સાર્થવાહ પુત્ર રહેતો હતો. બાલ્યવયમાં તેના માતા–પિતા મૃત્યુ

પામ્યા. તેની સંપત્તિ રાજકર્મચારીઓએ લઈ લીધી અને તેને ઘરમાંથી કાઢી મૂક્યો. તે મદ્ય–માંસ, ચોરી, જુગારાદિ દુર્વ્યસનોનો શિકાર બની ગયો અને સુદર્શના નામની નગર વિખ્યાત વેશ્યાને ત્યાં પહોંચી ગયો અને ભોગસુખમાં આસકત બની ત્યાં જ રહેવા લાગ્યો.

તે નગરના સુષેણ મંત્રીએ શકટને વેશ્યાના ઘરમાંથી કાઢી મૂકયો અને સુદર્શનાને પત્ની રૂપે સ્વીકારી લીધી. સુદર્શનામાં આસકત શકટ સુદર્શના પાસે પહોંચી જતો. એક વાર તે સુષેણ મંત્રીના હાથે પકડાઈ ગયો. મંત્રીએ 'શકટકુમારે મારા અંતઃપુરમાં પ્રવેશ કરવાનો અપરાધ કર્યો છે,' તેવી રાજાને ફરિયાદ કરી. રાજાએ જે દંડ આપવો હોય તે આપવાની મંત્રીને પરવાનગી આપી. મંત્રીએ શકટ–સુદર્શનાને સાથે બાંધી, ડંડાં, લાકડી, પથ્થર તથા લાતોથી માર મારતાં–મારતાં આખા નગરમાં ફેરવ્યો. માર, અપમાન, તિરસ્કાર પામતા શકટ–સુદર્શનાને ગોચરીએ નીકળેલા ગૌતમસ્વામીએ જોયા અને ભગવાનને તેના દુઃખનું કારણ પૂછતા ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

**છણિક કસાઈનો ભવ–** છગલપુરમાં છણિક નામનો કસાય રહેતો હતો. તે માંસનો વેપારી હતો. તેના વાડામાં

સો–સો, હજાર–હજારના સમૂહમાં બકરી, નીલગાય, રોઝડા, બળદો, સસલાઓ, ડુક્કરો, હરણો, મોર, પાડાઓ વગેરે રહેતા. નોકરો આ પશુઓના માંસને કડાઈમાં, તવામાં, હાંડલામાં તળીને, શેકીને, બાફીને, ભૂંજવીને માંસની ભોજન સામગ્રી તૈયાર કરતા હતા અને તે કષાય તે માંસ આદિ વેચતો હતો. પોતે પણ માંસ–મદિરામાં આસકત બની સાતસો વર્ષ પર્યંત ક્રૂર કર્મ કરી, મૃત્યુ પામી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું નરકાયુ પૂર્ણ કરી શકટ રૂપે જન્મ પામ્યો છે. તે બંનેને સાંજે વધસ્થાને ગરમ લોહમયી સ્ત્રીપ્રતિમા સાથે આલિંગન કરાવવામાં આવશે અને તે બંને મૃત્યુ પામી નરકગામી બનશે. અનંત સંસારમાં નરક, તિર્યંચના ભવોમાં છેદન– ભેદનના દુઃખને પામશે. તે પાપ કર્મ ક્ષીણ થતાં મનુષ્ય ભવમાં જન્મ ધારણ કરશે. મનુષ્ય જન્મમાં સંયમ–તપનું આરાધન કરી, દેવભવ પામીને પછી મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ ગતિને પામશે.

મદ્ય, માંસ, પંચેન્દ્રિય વધના વિપાક રૂપે, જીવ અનંત–અનંત જન્મો પર્યંત ભયંકર દુઃખો ભોગવે છે.

## પાંચમું અધ્યયન : બૃહસ્પતિદત્ત

કૌશાંબી નગરમાં ઉદાયન રાજા અને બૃહસ્પતિદત્ત

પુરોહિત રહેતા હતા. તેઓ બંને બાલમિત્રો હતા, તેથી પુરોહિતે કાર્ય માટે અંતઃપુરમાં જવાની બૃહસ્પતિને છૂટ હતી. તે કોઈની રોક–ટોક વિના નિઃસંકોચ અંતઃપુરમાં ગમનાગમન કરતો. અંતઃપુરમાં વારંવાર જતાં તે પદ્માવતી રાણીમાં આસકત થઈ ગયો અને તેની સાથે યથેચ્છ ભોગ ભોગવવા લાગ્યો. એકદા ઉદયન રાજાની નજરમાં તે ઝડપાઈ ગયો. રાજાએ શૂળીની સજા ફરમાવી. રાજકર્મચારીઓ તેને મારતા, પીટતાં, તેનું જ માંસ કાઢીને તેને ખવડાવતા નગરમાં ફેરવી રહ્યાં હતાં. ત્યારે ભિક્ષાર્થે નીકળેલા ગૌતમસ્વામીએ આ દશ્ય જોયું અને ભગવાન પાસે પુરોહિતના દુઃખનું કારણ જાણવાની જિજ્ઞાસા વ્યકત કરી. ભગવાને તેના કારણ રૂપે તેનો પૂર્વભવ કહ્યો–

**મહેન્દ્રદત્ત પુરોહિત** સર્વતોભદ્ર નગરમાં તે જિતશત્રુ રાજાનો પુરોહિત હતો. તે રાજયઋદ્ધિ માટે શાંતિ હોમ કરતો. તેમાં તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર જ્ઞાતિના એક–એક, તે રીતે કુલ ચાર જીવતા બાળકોના હૃદયનું માંસ કાઢી હવનમાં નાંખતો. આઠમ–ચૌદસના હોમમાં બે–બે, ચાર મહિને ચાર–ચાર, છ મહિને આઠ–આઠ અને વર્ષે સોળ–સોળ બાળકોના હૃદયનો શાંતિ હોમ કરતો. રાજાના યુદ્ધ પ્રયાણ

સમયે વિજય અર્થે ચારે જ્ઞાતિના ૧૦૮–૧૦૮ બાળકોનો હવન કરતો. આ રીતે તેણે ૩૦૦૦ વર્ષના આયુષ્ય પર્યંત ક્રૂર હત્યાઓ કરી, મૃત્યુ પામી તે પાંચમી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી બૃહસ્પતિ થયો છે. ૬૪ વર્ષનું આયુષ્ય ભોગવી, સાંજે શૂળી દ્વારા મૃત્યુ પામી નરકમાં ઉત્પન્ન થશે. ભવભ્રમણમાં વારંવાર વધાદિ દુઃખોને ભોગવીને પશ્ચાત્ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી, અહિંસા, સત્યાદિના અનુષ્ઠાનો દ્વારા કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરશે.

બાળકોની (પંચેન્દ્રિય જીવોની) હત્યા અને પરસ્ત્રી ગમનના વિપાક રૂપે જીવને દારૂણ દુઃખો પ્રાપ્ત થાય છે.

## છઠ્ઠું અધ્યયન : નંદિવર્ધન

મથુરા નગરમાં શ્રીદામ રાજાનો નંદિવર્ધન નામનો યુવરાજ પુત્ર હતો. યથાસમયે તેને યુવરાજ બનાવવામાં આવ્યો પરંતુ રાજાનું આયુષ્ય દીર્ઘ હોવાથી તે ૬૦ વર્ષનો થયો, તો પણ તેને રાજ્ય પ્રાપ્ત ન થયું, તેથી તેની રાજ્ય લિપ્સા બળવતર બની ગઈ અને કોઈપણ ભોગે રાજ્ય મેળવવા તે પુરુષાર્થશીલ બની ગયો. તેણે રાજાના નાઈ (હજામ) ને અર્ધા રાજ્યની લાલચ આપી, રાજાની હજામત કરતાં સમયે

રાજાના ગળામાં છરી ભોંકી દેવાનું નક્કી કર્યુ. નાઈએ અર્ધા રાજ્યની લાલચમાં યુવરાજની વાત સ્વીકારી લીધી, પરંતુ પછી પકડાઈ જવાના ભયથી ભયભીત બની રાજાને યુવરાજની યુકિત જણાવી દીધી.

રાજાએ ક્રોધમાં આવી યુવરાજને મૃત્યુ દંડની સજા આપી. રાજપુરુષોએ યુવરાજને બંધનમાં બાંધી, અનેક પ્રકારે પીડાઓ આપતાં નગરમાં ફેરવ્યો અને ચોરા ઉપર અતિ ઉષ્ણ સોનાના સિંહાસન ઉપર તેને બેસાડી રાજપુરુષો લોખંડ, ત્રાંબા, શીશાના રસથી અભિષેક કરતા હતા. ભિક્ષાર્થે પધારેલા ગૌતમસ્વામીએ આ દશ્ય નિહાળ્યું. ભગવાન પાસે આવી તે દશ્યનું વર્ણન કરી યુવરાજનો પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા વ્યકત કરી. ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

**દુર્યોધન જેલરનો ભવ–** સિંહપુર નગરમાં સિંહરથ રાજાની જેલમાં દુર્યોધન નામનો જેલર હતો. તે અતિ રૌદ્ર પરિણામી હતો. તે જેલમાં આવેલા રાજાના અપરાધી ચોર, લૂંટારા, ઘાતક, લંપટ વ્યકિતઓને નિર્દયતાપૂર્વક યાતનાઓ આપતો હતો. કેટલાકને હાથી, ઘોડા, બકરા, ડુકકર, કૂતરાનું મૂત્રપાન કરાવતો. કેટલાકને ત્રાંબા, શીશા, લોખંડના રસ

પીવડાવતો, વિવિધ પ્રકારના બંધનોથી બાંધતો, કેટલાકને શસ્ત્રથી ચીરતો, ચાબૂકથી, કોરડાથી માર મારતો, હાડકાં ખોખરા કરી નાંખતો, ક્ષાર મિશ્રિત તેલનું મર્દન કરાવતો, મર્મસ્થાનમાં ખીલીઓ ઠોકતો, હાથ–પગની આંગળીઓમાં સોઈઓ ભોંકી તેનાથી જમીન ખોતરાવતો અને તે વ્યકિતઓની પીડા જોઈ આનંદિત થતો હતો. તે ૩૧૦૦ વર્ષના આયુષ્ય દરમ્યાન આવા પાશવી કૃત્યો કરી, મરીને છટ્ટી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી નંદિવર્ધન યુવરાજ રૂપે જન્મ પામ્યો છે. આજે ૬૦ વર્ષનું મનુષ્ય આયુષ્ય પૂર્ણ કરી નરકમાં ઉત્પન્ન થશે અને અનંત સંસારમાં પરિભ્રમણ કરી, કરેલા પાપકર્મોની નિર્જરા કરી, મનુષ્ય ભવમાં તપ–સંયમની આરાધના કરી મોક્ષે જશે.

## સાતમું અધ્યયન : ઉંબરદત્ત

પાટલીખંડ નગરમાં સાગરદત્ત સાર્થવાહની પત્ની ગંગદત્તા મૃતવંધ્યા હતી. તેણે ઉંબર યક્ષની માનતાથી એક પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ ઉંબરદત્ત રાખ્યું. ઉંબરદત્ત નાનો હતો, ત્યાં જ તેના માતા–પિતા મૃત્યુ પામ્યા. રાજકર્મચારીઓએ ઉંબરદત્તને તેના ઘરમાંથી કાઢી મૂકયો અને તેનું ઘર જપ્ત કરી લીધું. ઉંબરદત્ત દુર્વ્યસની

બની ગયો. તીવ્ર પાપના ઉદયે તેના શરીરમાં સોળ મહારોગ ઉત્પન્ન થયા. તેના હાથ–પગની આંગળીઓ સડવા લાગી, નાક–કાન ગળી ગયા, શરીરના ઘામાંથી પરૂ વહેવા લાગ્યું, તીવ્ર વેદનાથી તે કરૂણાજનક, દીન શબ્દો પોકારતો, અસહાય બની ચારેબાજુ ભટકતો હતો, માટીના ઘડાનું ઠીકરું તેનું ભિક્ષાપાત્ર હતું અને શકોરાનો ટુકડો જળ પાત્ર હતું. તે ઘરે–ઘરે ભીખ માંગી આજીવિકા ચલાવતો હતો. ગોચરીએ પધારેલા ગૌતમ સ્વામીએ તેને જોયો અને તેના દુઃખનું કારણ પ્રભુને પૂછ્યું. પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.
**ધનવંતરી વૈદ્યનો ભવ–** વિજયપુરમાં ધનવંતરી નામના રાજવૈદ્ય હતા. તે અનેક દર્દીઓને ઉપચાર રૂપે કાગડા, કબૂતર, ગાય, ભેંસ, તેતર, બતક, ઘેટાં વગેરેના માંસના આહારની પ્રેરણા કરતો અને પોતે પણ માંસ પકાવી ખાતો હતો. ૩૨૦૦ વર્ષ સુધી આવા પાપ કાર્યો કરી, કરાવી, તેની પ્રેરણા આપીને પાપ કર્મોનો બંધ કર્યો. તિર્યંચ પંચેન્દ્રિય જીવોની હત્યાના કારણે તેણે નરકાયુનો બંધ કર્યો. અને તેના ફળ સ્વરૂપે અનંત સંસારનું પરિભ્રમણ વધાર્યુ. અંતે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## આઠમું અધ્યયન શૌરિકદત્ત

શૌર્યપુર નગરમાં સમુદ્રદત્ત માછીમારને શૌરિકદત્ નામનો પુત્ર હતો. અધર્મી શૌરિકદત્તના નોકરો નદીમાંથી માછલાઓને પકડી લાવતા અને તે માછલાને સૂકવી, બાફીને વેચતો હતો. પોતે પણ માછલાનો આહાર કરતો. એક વાર શૌરિકદત્તના ગળામાં માછલીનો કાંટો ફસાઈ ગયો. ઘણા ઉપાય કરવા છતાં કાંટો નીકળ્યો નહીં. કાંટાથી ઉત્પન્ન તીવ્ર વેદનાના કારણે તેનું શરીર હાડપીંજર જેવું થઈ ગયું. તેના વમનમાં લોહી, પરૂ નીકળવા લાગ્યા.

ભિક્ષાર્થે નીકળેલા ગૌતમસ્વામીએ કંટકની વેદનાથી આક્રંદ કરતાં તેને જોયો અને ભગવાને તેના પૂર્વભવની વાત કહી.

**શ્રિયક રસોઈયાનો ભવ–** નંદીપુર નગરમાં શ્રિયક નામનો રસોઈયો રહેતો હતો. તેની પાસે માછીમાર, શિકારી અને પક્ષીઘાતક નોકરો હતા. તે જળચરાદિ જીવોના માંસના નાના–મોટા ટુકડા કરી પકાવતો હતો અને વેંચતો હતો. પોતે પણ માંસ, મદિરાનું સેવન કરતો હતો. ૩૩૦૦ વરસ પાપમય જીવન જીવી નરકમાં જન્મધારણ કર્યો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી શોરિકદત્ત રૂપે ઉત્પન્ન થયો છે.

મદિરા–માંસના સેવન તથા તેના ક્રય–વિક્રયના

પરિપાક રૂપે અનંત સંસારમાં પરીભ્રમણ કરી અંતે સંયમ–તપની આરાધના દ્વારા મોક્ષને પ્રાપ્ત કરશે.

## નવમું અધ્યયન : દેવદત્તા

રોહિતક નગરમાં વૈશ્રમણદત્ત રાજા અને શ્રીદેવી રાણી હતા. તેને પુષ્પનંદી નામનો પુત્ર હતો. પુષ્પનંદી રાજકુમારના દેવદત્તા નામની શ્રેષ્ઠી કન્યા સાથે લગ્ન થયા. રાજા વૈશ્રમણદત્તના મૃત્યુ બાદ પુષ્પનંદી રાજા થયો. પિતાની ગેરહાજરીમાં પુષ્પનંદી રાજા માતા શ્રીદેવીની ખૂબ ભકિત કરવા લાગ્યો. માતાની ઉંમર ૧૦૦ વર્ષની થતાં પુષ્પનંદી રાજા સમયનું ભાનભૂલી માતાની સેવામાં રત રહેતો. વિલાસપ્રિય દેવદત્તાને પતિ તરફથી અસંતોષ રહેવા લાગ્યો અને સાસુ આંખના કણાની જેમ ખૂંચવા લાગી.

એક દિવસ તક જોઈને દેવદત્તાએ લોખંડના દંડને ગરમ કરી, સાણસીથી પકડી સૂતેલી શ્રીદેવીના ગુદા દ્વારમાં ખૂંચાડી દીધો. શ્રીદેવી તત્કાળ મૃત્યુ પામી. દેવદત્તાના આ કૃત્યથી વ્યથિત પુષ્પનંદીએ તેને મૃત્યુ દંડની સજા ફટકારી. રાજપુરુષો દેવદત્તાના કાન–નાક કાપી, હાથકડી પહેરાવી, બંધનમાં બાંધી વધસ્તંભ તરફ લઈ જતા હતા, ત્યારે ગૌતમ સ્વામીએ તેને જોઈ તેના દુઃખનું કારણ ભગવાનને પૂછયું.

ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

**સિંહસેન રાજાનોભવ–** સુપ્રતિષ્ઠિત નગરમાં સિંહસેન રાજા પોતાની ૫૦૦ રાણીઓમાંથી મુખ્ય પટ્ટરાણી શ્યામામાં અત્યંત આસકત હતો. બાકીની રાણીઓની ઉપેક્ષા થતાં તેઓની માતાઓએ મળીને શ્યામાને શસ્ત્રથી મારી નાંખવાની યુક્તિ ઘડી. આ વાત ગુપ્ત ન રહેતા રાજા–રાણીને તેની જાણ થઈ ગઈ. સિંહસેન રાજાએ બધી માતાઓને આમંત્રણ મોકલ્યું, શિખરના આકારવાળી કૂટાગાર શાળામાં ઉતારાની વ્યવસ્થા કરી અને તે કૂટાગાર શાળાના દરવાજા બંધ કરાવી, તેને આગ લગાડી દીધી – ૪૯૯ માતાઓ આક્રંદ કરતી મૃત્યુ પામી. આવા પાપકર્મથી સિંહસેન છટ્ઠી નરકમાં ગયો અને ત્યાંથી દેવદત્તા રૂપે જન્મ પામી છે. ભવભ્રમણમાં રખડતા અંતે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે.

## દસમું અધ્યયન : અંજૂશ્રી

વર્ધમાન નામના નગરમાં રહેતા ધનદેવ સાર્થવાહની પુત્રી અંજૂશ્રીના લગ્ન વિજયમિત્ર રાજા સાથે થયા. તેઓ બંને ભોગવિલાસમાં લીન બની ગયા. કેટલાક સમય પછી અંજૂશ્રીની યોનિમાં અસહય વેદના ઉત્પન્ન

થઈ. રાજાએ અનેક ઉપચારો કરાવ્યા પણ તે બધા નિષ્ફળ ગયા. દુઃસહ્ય વેદનાથી તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું. ગૌતમ સ્વામીએ કરૂણ વિલાપ કરતી રાણીને જોઈને તેના દુઃખનું કારણ પૂછ્યું. **પૃથ્વીશ્રીનો ભવ–** ઈંદ્રપુર નગરમાં પૃથ્વીશ્રી નામની વેશ્યા રહેતી હતી. તે વશીકરણાદિ પ્રયોગથી સેનાપતિ, નગરશેઠ, રાજકર્મચારીઓ સાથે ભોગ ભોગવતી હતી. ૩૫૦૦ વર્ષની ભોગાસકતિના કારણે તે નારકી રૂપે ઉત્પન્ન થઈ. ત્યાંથી મૃત્યુ પામી અંજૂશ્રી રૂપે જન્મી છે. અહીંથી નરક–તિર્યંચાદિના ઘણા ભવ કરી, અંતે મોક્ષને પામશે.

## દ્વિતીય શ્રુતસ્કંધ : સુખવિપાક

### અધ્યયન – ૧

આ બીજા શ્રુતસ્કંધમાં શુભ કાર્યના ફળ–પરિણામનું કથન છે. તેમાં દશ અધ્યયન છે

૧. સુબાહુકુમાર, ૨. ભદ્રનંદી, ૩. સુજાતકુમાર, ૪. સુવાસકુમાર, ૫. જિનદાસ, ૬. ધનપતિ, ૭. મહાબલ, ૮. ભદ્રનંદી, ૯. મહાચંદ્ર, ૧૦. વરદત્ત.

હસ્તિશીર્ષ નામના નગરમાં અદીનશત્રુ રાજા, ધારિણી રાણી અને સુબાહુ, રાજકુમાર રહેતા હતા.

સુબાહુકુમારના ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે લગ્ન થયા. ભગવાન મહાવીર સ્વામી હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા, ત્યારે તેમનો ધર્મોપદેશ સાંભળી, શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરી તેઓ શ્રમણોપાસક બન્યા. તે સમયે સાધુઓને પણ ઈષ્ટ લાગે તેવા તેમના સૌમ્ય રૂપ લાવણ્યને જોઈને ગૌતમ સ્વામીએ સુબાહુકુમારે આવું મનોજ્ઞ રૂપ કેવી રીતે પ્રાપ્ત કર્યુ છે ? તેવી જિજ્ઞાસા વ્યકત કરતાં ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

**સુબાહુકુમારનો પૂર્વભવ :**

હસ્તિનાપૂર નગરમાં સુમુખ નામના ધનાઢય શ્રેષ્ઠીના ઘરે માસખમણના પારણે સુદત્ત નામના મુનિ પધાર્યા. તેઓને આવતા જોઈ સુમુખ શ્રેષ્ઠી આસન ઉપરથી નીચે ઉતરી પાદુકાનો ત્યાગ કરી, મુખ ઉપર વસ્ત્ર રાખી ૭–૮ પગલા સામે ગયા અને અત્યંત પ્રસન્ન ચિતે રસોઈઘર સુધી લઈને આવ્યા. અત્યંત અહોભાવ સાથે (દાયકશુદ્ધિ), શુદ્ધ નિર્દોષ દ્રવ્ય (દ્રવ્યશુદ્ધિ) અને મહાતપસ્વી શ્રમણ (ગ્રાહકશુદ્ધિ), આ રીતે ત્રિવિધ શુદ્ધિ અને મન–વચન–કાયા આ ત્રિકરણ શુદ્ધિ સાથે આહાર દાન કર્યુ. સુમખ ગાથાપતિએ આહાર દાનના પ્રભાવે

સંસાર–ભવ પરંપરા અલ્પ કરી, પરિત સંસારી બન્યા. મનુષ્ય આયુષ્યનો બંધ કર્યો. ત્રિવિધ શુદ્ધિ, ત્રિકરણ શુદ્ધિ અને ત્રિકાલના ઉલ્લસિત ભાવે અપાયેલા સુપાત્ર દાનથી મહાપુણ્ય ઉપાર્જન કર્યુ અને આયુષ્ય પૂર્ણ થતાં સુબાહુકુમાર રૂપે જન્મ્યા છે.

તત્પશ્ચાત સુબાહુ શ્રમણોપાસકે ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી, ૧૧ અંગનો અભ્યાસ કરી, વિવિધ તપ અનુષ્ઠાન કરી અંતે ૧ માસનું અનશન કરી પ્રથમ દેવલોકમાં દેવ થયા અને પશ્ચાત્ મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષને પ્રાપ્ત થશે.

સુબાહુકુમારની જેમ નવેનવ રાજકુમારોના વિવાહ ૫૦૦ કન્યાઓ સાથે થયા હતા. તેઓ ભગવાન મહાવીરસ્વામીનો ધર્મોપદેશ સાંભળી ૧૨ વ્રતધારી શ્રાવક બન્યા અને ત્યારપછી શ્રમણ દીક્ષા અંગીકાર કરી હતી.

તેઓના ઋદ્ધિ વૈભવ, સૌમ્યતા જોઈને ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું કે આ બધા શ્રાવકો સાધુઓને પ્રિય, આનંદકારી, મનોહર કેમ લાગે છે ? તેના ઉત્તરમાં ભગવાને જણાવ્યું કે પૂર્વભવમાં તે દશે કુમારોએ સાધુ ભગવંતોને અત્યંત પ્રસન્ન ચિત્તે આહારદાન આપ્યું, તે

સમયે અને ત્યારપછી પણ ખૂબ પ્રસન્નતા અનુભવી હતી. ભાવની શુદ્ધિ, તપસ્વી સાધુ ભગવંતોને યોગ્ય અને નિર્દોષ આહારદાનના પ્રભાવે આ ઋદ્ધિ, વૈભવ વગરે પામ્યા છે.

## સર્વાર્થસિદ્ધિદાયી સુપાત્રદાન

આત્મશુદ્ધિના લક્ષે સંયમ તપની સાધના કરી રહ્યાં હોય તેવા પંચ મહાવ્રતધારી સાધુને પ્રાસુક–જીવરહિત અને એષણીય–સાધુચર્યાના નિયમાનુસાર નિર્દોષ આહાર –પાણી સંયમ–તપની અનુમોદનાનો લાભ લેવા માટે આપવા, તે સુપાત્રદાન છે. તેમાં દાતાની ભાવવિશુદ્ધિ, ગ્રહણ કરનાર સંતોનું સંયમ પાલનનું એક માત્ર લક્ષ અને ગ્રાહ્ય પદાર્થોની નિર્દોષતા, આ ત્રણે તત્ત્વોનો સુમેળ થાય છે, ત્યારે તેનું ફળ અનંતગણું વધી જાય છે, પરંપરાએ દાતા અને ગ્રહણકર્તા બંને મોક્ષગતિને પામે છે. સુપાત્રદાનનો અનેરો મહિમા પ્રગટ કરવા દેવો ધનવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, વસ્ત્રવૃષ્ટિ, દેવ દુંદુભિ તથા અહો દાનં અહો દાનંની ઘોષણા, આ પાંચ દિવ્ય કરે છે.

# શ્રી આગમ સૂત્ર

**❖ અંગસૂત્ર-૧૧ ❖**

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

**❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖**

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

**❖ મૂળસૂત્ર-૪ ❖**

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**❖ છેદસૂત્ર-૪ ❖**

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

## સૌજન્ય

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે

માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા

સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા

શ્રી કેતન રસિકલાલ અજમેરા શ્રી મિલન રસિકલાલ અજમેરા

શ્રીમતી હિના નિમેષ કોઠારી

## પ્રાપ્તિ સ્થાન

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમત રૂ. 300/- ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-